# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૨૯/૦૨/૨૦૨૪

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મિશન ૮૪ અંતર્ગત 'આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ફોર વુમન ઈન એક્ષ્પોર્ટ' વિશે સેમિનાર યોજાયો

## ભારતમાં સ્થપાયેલા કુલ સ્ટાર્ટ-અપ્સમાંથી લગભગ ૧૮% મહિલાઓ દ્વારા સ્થાપિત કરવામાં આવ્યા છે : ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયા

## એક્ષ્પોર્ટીંગ શોર્ટ ટર્મ પ્લાન નથી, તેમાં યોગ્ય પ્લાનિંગ અને મહેનત સાથે કાર્ય કરવાની જરૂર છે : કોર્પોરેટ ટ્રેઈનર મનિષા ઠાકર

## મિશન ૮૪ અંતર્ગત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને એક્ઝિમ ક્લબની વચ્ચે "સ્કિલ ટ્રાન્સફોર્મેશન" માટે સમજૂતિ કરાર થયા હતા

સુરત: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ અંતર્ગત રવિવાર, તા. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ બપોરે 2:00 કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે 'આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ફોર વુમન ઈન એક્ષ્પોર્ટ' વિશે સેમિનાર યોજાયો હતો. જેમાં ત્રિલાઈન્સ ગ્લોબલ સોલ્યુશન્સ ઈન્ડિયા પ્રા.લિ.ના ઉપ પ્રમુખ, એક્ઝિમ ફેકલ્ટી અને એક્ષ્પોર્ટ-ઈમ્પોર્ટ્સ અને લોજિસ્ટિક સપ્લાય ચેઈન મેનેજમેન્ટના કોર્પોરેટ ટ્રેઈનર મનિષા

ઠાકરે મહિલા ઉદ્યોગ સાહસિકોને એક્ષ્પોર્ટ ક્ષેત્રે કઈ-કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ અને પ્રોડક્ટનું એક્ષ્પોર્ટ કેવી રીતે વધારી શકાય તે અંગેનું માર્ગદર્શન આપ્યું હતું.

દરમિયાન SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ અંતર્ગત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને એક્ઝિમ ક્લબ (વડોદરા)ની વચ્ચે "સ્કિલ ટ્રાન્સફોર્મેશન" માટે સમજૂતિ કરાર થયા હતા. જેના પર ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયા અને એકિઝમ ક્લબના પ્રમુખ ગુરુચરણ બ્રહ્મભટ્ટે હસ્તાક્ષર કર્યા હતા. આ સમજૂતિ કરાર મુજબ એફ્ઝિમ ક્લબના નિષ્ણાંતો સુરત આવશે અને સુરતના ઉદ્યોગ સાહસિકોને એક્ષ્પોર્ટ સંદર્ભે માર્ગદર્શન આપશે. એવી જ રીતે સુરતના ઉદ્યોગ સાહસિકોનું પ્રતિનિધિ મંડળ વડોદરા જઈ વધુમાં વધુ એક્ષ્પોર્ટ કરવા અંગે જરૂરી જાણકારી મેળવી શકશે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, ‘ભારતની કુલ વસ્તીમાંથી ૪૮% વસ્તી મહિલાઓની છે. વર્ષ ૨૦૨૧-૨૨ના પીરિયોડિક લેબર ફોર્સના સર્વે અનુસાર મહિલાઓનું મુખ્ય કાર્યકારી વયજૂથ ૩૨.૮ ટકા છે. વૈશ્વિક સરેરાશ મહિલા વર્કફોર્સનો હિસ્સો ૪૭% છે. ભારતમાં મહિલાઓને અર્થપૂર્ણ રોજગાર પ્રદાન કરવામાં સતત સુધારો થઈ રહ્યો છે. જેના કારણે મહિલાઓનો વર્કફોર્સનો રેશિયો વર્ષ ૨૦૧૭-૧૮માં માત્ર ૨૩.૩% હતો જે હવે વધીને ૩૨.૮% ના રેશિયો પર પહોંચી ગયો છે.’

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ‘ભારતમાં સ્થપાયેલા કુલ સ્ટાર્ટ-અપ્સમાંથી લગભગ ૧૮% મહિલાઓ દ્વારા સ્થાપિત કરવામાં આવ્યા છે. એ નોંધવું પણ રસપ્રદ છે કે, ભારતમાં યુનિકોર્નની ત્રીજી સૌથી મોટી વસ્તી છે અને તેમાંથી લગભગ ૧૭% યુનિકોર્નની સ્થાપના મહિલાઓ દ્વારા કરવામાં આવી છે. એવું અનુમાન છે કે, જીડીપીમાં ભારતીય મહિલાઓનું યોગદાન લગભગ ૨૨% છે, જ્યારે વૈશ્વિક સ્તરે સરેરાશ ૪૫% છે.’

તેમણે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા હાથ ધરાયેલા SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ની પ્રાથમિક વિગતો આપતા જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સે મિશન ૮૪ અંતર્ગત ઓનલાઇન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ બનાવ્યું છે, જેની સાથે ભારતના ૮૪,000 ઉદ્યોગકારો – વેપારીઓ અને એક્ષ્પોર્ટર્સને તથા વિશ્વના જુદા–જુદા દેશોમાં બિઝનેસ કરતા ૮૪,000 બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવામાં આવી રહયા છે. એવી જ રીતે ભારતની ૮૪ ચેમ્બર ઓફ કોમર્સને તથા વિશ્વના જુદા–જુદા ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ ઓનલાઈન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ પર લાવવા મિટીંગો થઇ રહી છે.

તદ્દુપરાંત ભારતમાં કાર્યરત ૮૪ દેશોના કોન્સુલ જનરલ, હાઇ કમિશ્નર અને એમ્બેસેડર તેમજ વિશ્વના ૮૪ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા વિવિધ એમ્બેસેડર્સને પણ આ પોર્ટલ પર ઓનબોર્ડ કરવા મિટીંગો થઇ રહી છે. સુરતના ઉદ્યોગ સાહસિકોને એક્ષ્પોર્ટ માટે માર્ગદર્શન આપવાના ભાગ રૂપે આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું તેમ તેમણે જણાવ્યું હતું.

કોર્પોરેટ ટ્રેઈનર મનિષા ઠાકરે જણાવ્યું હતું કે, ‘નમસ્કાર અને ભારતીય પરંપરા વિશ્વમાં ફેલાઈ શકે છે તો ભારતીય મહિલાઓના પ્રોડક્ટનું પણ વેચાણ વિશ્વમાં થઈ શકે છે. એક્ષ્પોર્ટના માધ્યમથી મહિલાઓ સક્ષમ બની શકે છે. આંત્રપ્રિન્યોરશિપમાં હંમેશા નવું  શીખવાની જરૂર છે. એક્ષ્પોર્ટીંગ શોર્ટ ટર્મ પ્લાન નથી, તેમાં તેમાં યોગ્ય પ્લાનિંગ સાથે મહેનત કરવાની જરૂર છે.’

તેમણે કોરોનાના કપરા સમયગાળાને ભારત માટે એક સૌભાગ્યનો સમય ગણાવતાં કહ્યું હતું કે, ‘તે સમયમાં અનેક મહિલાઓએ પરિવારને સંભાળવાની સાથે જ બિઝનેસ-ધંધાને, ઘરના આર્થિક સ્તંભને સંભાળવાનું કામ કર્યું છે. કોવિડ પછી ભારતમાંથી એક્ષ્પોર્ટનું પ્રમાણ વધ્યું છે. મસાલા, ભારતીય ફૂડ આજે વિશ્વમાં વખણાય છે. વિશ્વમાં ક્યાંય પણ એક્ષ્પોર્ટ માટે ભારત જેવો ભૌગોલિક વિસ્તાર નથી, તેવી સ્થિતીમાં ભારત પોતાનું એક્ષ્પોર્ટ વધારીને જીડીપીમાં વૃદ્ધિ કરી શકે છે.’

મહિલાઓ મેન્યુફેક્ચરર એક્ષ્પોર્ટર, મર્ચન્ટ એક્ષ્પોર્ટર પણ બની શકે છે. સાથે જ જેમને એક્ષ્પોર્ટ ક્ષેત્રમાં નોકરી કરીને અનુભવ મેળવવો હોય તો તેઓ એક્ઝિમ કન્સલ્ટન્ટમાં, ઈન્ટરનેશનલ માર્કેટીંગ અને શીપીંગ ડિપાર્ટમેન્ટમાં કામ કરી શકે છે. તેમણે મહિલા ઉદ્યોગ સાહસિક માટે ભારતીય સરકાર દ્વારા આપવામાં આવતી વિવિધ સહાય વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. સાથે જ સફળ મહિલા ઉદ્યોગ સાહસિકો વિશે માહિતી આપી હતી.

તેમણે મહિલાઓને એક્ષ્પોર્ટ-ઈમ્પોર્ટના મહત્વના પાંચ મુદ્દાઓને સફળ બિઝનેસના પાંચ મંત્ર ગણાવતા કહ્યું હતું કે, મહિલા ઉદ્યોગ સાહસિકોએ વિવિધ કલ્ચરને સ્વીકારતા શીખવું, વિદેશી કરન્સીમાં બિઝનેસને સાચવવું, ઓપરેશનલ વર્કલોડને મેનેજ કરવું, તમારી નાણાંકીય સ્થિતી પર ધ્યાન રાખવું મહત્વનું છે તેમ જણાવ્યું હતું.

ચેમ્બરના SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ના કો-ઓર્ડિનેટર સંજય પંજાબીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બર ઓફ કોમર્સના ગ્રૃપ ચેરમેન સંજય ગાજીવાલાએ સેમિનારમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન ૮૪ના સીઈઓ પરેશ ભટ્ટે સેમિનારનું સમગ્ર સંચાલન કર્યું હતું. એક્ઝિમ ક્લબના પ્રમુખ ગુરૂચરણ બ્રમ્હભટ્ટ, ઉપ પ્રમુખ દીપક સોની અને સભ્ય રવી નામ્બિયાર તથા Credlixના સીનિયર ડાયરેક્ટર પ્રમિત જોશી અને ચેમ્બરની કોર કમિટીના સભ્ય કોમલ કુમાર શાહ સેમિનારમાં ઉપસ્થિત રહ્યા હતા. નિષ્ણાંત વક્તાએ મહિલા ઉદ્યોગ સાહસિકોના વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.